**અહેવાલ સભાગૃહમાં રજૂ થયા**
**તા.૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

# અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## બીજો અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ઉદ્યોગ અને ખાણ વિભાગ

(ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં અનુસૂચિત જાતિઓના ઉમેદવારનું પ્રતિનિધિત્વ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
ફેબ્રુઆરી, ૨૦૨૪

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (સન ૨૦૨૩-૨૦૨૪)

### પ્રમુખશ્રી

શ્રી ઈશ્વરભાઈ પરમાર

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી જીગ્નેશ મેવાણી
શ્રી કરશનભાઇ સોલંકી
શ્રીમતી દર્શના વાઘેલા
શ્રી પરસોત્તમભાઈ પરમાર
શ્રી મેઘજીભાઇ ચાવડા
શ્રી પ્રદ્યુમન વાજા
મહંત શ્રી શંભુનાથ ટુંડિયા
શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, નાયબ સચિવ

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (૨૦૨૨–૨૦૨૩)

**પ્રમુખશ્રી**

શ્રી હિતુ કનોડીયા

**સભ્યશ્રીઓ**

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી કરશનભાઈ સોલંકી
શ્રી કિશોર ચૌહાણ
શ્રી શૈલેષ પરમાર
શ્રી નૌશાદ સોલંકી
શ્રી લાખાભાઈ સાગઠીયા
શ્રી પ્રવિણભાઈ મુસડીયા
શ્રી મોહનલાલ વાળા
શ્રી આત્મારામ પરમાર
શ્રી ઈશ્વરભાઈ પરમાર

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, ઉપસચિવ

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (સન ૨૦૨૧-૨૦૨૨)

### પ્રમુખશ્રી

શ્રીમતી મનીષા વકીલ

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી કરશનભાઈ સોલંકી
શ્રી હિતુ કનોડિયા
શ્રી શૈલેષ પરમાર
શ્રી પ્રદિપભાઇ પરમાર
શ્રી નૌશાદ સોલંકી
શ્રી લાખાભાઈ સાગઠીયા
શ્રી પ્રવિણભાઈ મુસડીયા
શ્રી મોહનલાલ વાળા
શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ.પટેલ, સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, ઉપસચિવ $

શ્રી હર્ષિલ પટેલ, ઉપસચિવ @

શ્રી વી.એ.પટેલ, ઉપસચિવ #

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

$ તા.૦૨-૦૨-૨૦૨૨ થી

@ તા.૦૧-૦૭-૨૦૨૧ થી તા.૦૧-૦૨-૨૦૨૨ સુધી

# તા.૩૦-૦૬-૨૦૨૧ સુધી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(સન ૨૦૨૧–૨૦૨૨ના વર્ષમાં પુન:રચના)**

### પ્રમુખશ્રી

શ્રી હિતુ કનોડીયા

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી કરશનભાઈ સોલંકી
શ્રી કિશોર ચૌહાણ
શ્રી શૈલેષ પરમાર
શ્રી નૌશાદ સોલંકી
શ્રી લાખાભાઈ સાગઠીયા
શ્રી પ્રવિણભાઈ મુસડીયા
શ્રી મોહનલાલ વાળા
શ્રી આત્મારામ પરમાર
શ્રી ઈશ્વરભાઈ પરમાર

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ.પટેલ, સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, ઉપસચિવ $

શ્રી હર્ષિલ પટેલ, નાયબ સચિવ @

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

$ તા.૦૨–૦૨–૨૦૨૨ થી

@તા.૦૧–૦૨–૨૦૨૨ સુધી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(સન ૨૦૨૦-૨૦૨૧)**

**પ્રમુખશ્રી**

શ્રી પ્રદિપભાઇ પરમાર

**સભ્યશ્રીઓ**

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી શશીકાન્ત પંડ્યા
શ્રી કરશનભાઈ સોલંકી
શ્રી હિતુ કનોડિયા
શ્રી શૈલેષ પરમાર
શ્રી નૌશાદ સોલંકી
શ્રી લાખાભાઈ સાગઠીયા
શ્રી પ્રવિણભાઈ મુસડીયા
શ્રી મોહનલાલ વાળા
શ્રીમતી મનીષા વકીલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી.એમ.પટેલ, સચિવ

શ્રી વી.એ.પટેલ, ઉપસચિવ #

શ્રી હર્ષિલ પટેલ, ઉપસચિવ @

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

# તા.૦૧-૦૪-૨૦૨૦ થી તા.૩૦-૦૬-૨૦૨૦ સુધી

તા.૦૫-૦૧-૨૦૨૧થી

@ તા.૦૧-૦૭-૨૦૨૦ થી તા.૦૪-૦૧-૨૦૨૧ સુધી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (સન ૨૦૧૯–૨૦૨૦)

### પ્રમુખશ્રી

શ્રી પ્રદિપભાઇ પરમાર

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી કરશનભાઈ સોલંકી
શ્રી હિતુ કનોડિયા
શ્રી શૈલેષ પરમાર
શ્રી નૌશાદ સોલંકી
શ્રી લાખાભાઈ સાગઠીયા
શ્રી પ્રવિણભાઈ મુસડીયા
શ્રી કાંધલભાઈ જાડેજા
શ્રી પ્રવિણભાઈ મારૂ
શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ.પટેલ, સચિવ

શ્રી વી.એ.પટેલ, ઉપસચિવ

શ્રી ધૃવ પટેલ, સેકશન અધિકારી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (સન ૨૦૧૮-૨૦૧૯)

### પ્રમુખશ્રી

શ્રી પ્રદિપભાઇ પરમાર

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી

શ્રી કરશનભાઈ સોલંકી

શ્રી હિતુ કનોડિયા

શ્રી શૈલેષ પરમાર

શ્રી નૌશાદ સોલંકી

શ્રી લાખાભાઈ સાગઠીયા

શ્રી પ્રવિણભાઈ મુસડીયા

શ્રી મોહનલાલ વાળા

શ્રી પ્રવિણભાઈ મારૂ

શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

કુ.એસ.એમ. પટેલ, ઉપસચિવ

શ્રી ધૃવ પટેલ, સેકશન અધિકારી

## અહેવાલ

હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ પંદરમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

૨. સમિતિએ ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક આવેલ ગુજરાત ખનિજ વિકાસ નિગમની કચેરીમાં અનુસૂચિત જાતિઓના ઉમેદવારોના પ્રતિનિધિત્વ સંબંધની તપાસ હાથ ધરવાનું નક્કી કર્યું હતું અને તે સંબંધનું વિભાગ પાસેથી સાહિત્ય મંગાવ્યું હતું. વિભાગે તા.૦૭/૦૯/૨૦૧૮ અને તા.૧૫/૦૬/૨૦૨૩ના રોજ સમિતિને સાહિત્ય પૂરૂ પાડ્યુ હતું. સમિતિએ વિભાગ તરફથી મળેલ સાહિત્ય સંબંધમાં તા.૨૩/૧૦/૨૦૧૮ અને તા.૩૦/૦૫/૨૦૨૩ના રોજ બેઠકો યોજીને વિભાગની રૂબરૂ તપાસ હાથ ધરી હતી. સમિતિએ ઉક્ત સાહિત્યની કરેલ તપાસ સંબંધના અવલોકનો/ભલામણો આ અહેવાલમાં દર્શાવવામાં આવેલ છે.

૩. આ અહેવાલ સમિતિએ તેની તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં ચર્ચા-વિચારણા કરીને સર્વાનુમતે મંજૂર કર્યો હતો.

૪. સમિતિની તા.૨૩/૧૦/૨૦૧૮ના રોજ મળેલ બેઠકમાં ગુજરાત ખનીજ વિકાસ નિગમનાં વિવિધ સંવર્ગમાં ૨૦૧૩-૧૪થી જગ્યાઓ ખાલી હોવા બાબતે સમિતિએ પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ જણાવેલ કે, ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં ડેપ્યુટી જનરલ મેનેજર (માઈન્સ)ની જગ્યાની ભરતી સંબંધમાં ૧૦ થી ૧૨ વખત જાહેરાત આપવામાં આવી છે. નિગમે માઈનીંગ સેફ્ટી રૂલ્સ પ્રમાણે એટલે કે ઈન્ડીયન માઈન્સ એક્ટ-૧૯૫૨ અન્વયે માઈન રેગ્યુલેશન એક્ટ-૧૯૫૭ અને એમ. એમ. આર-૧૯૬૧માં નિર્ધારિત કરેલ લાયકાત અન્વયે ભરતી કરવાની હોય છે. વધુમાં માઈન્સ વિભાગમાં રહેલી વર્ગ-૩ની જગ્યા માઈન્સ સીરદાર, ઓવર મેન તેમજ માઈન્સ સુપર વાઈઝર, વર્ગ-૨ની જગ્યા માઈનીંગ એન્જીનીયર તેમજ વર્ગ-

૧ની જગ્યા ડેપ્યુટી જનરલ મેનેજર (માઈન્સ)ની ભરતી પ્રક્રિયા વખતે ઉમેદવારે અન્ડર ગ્રાઉન્ડ માઈનીંગની ટ્રેનીંગ તેમજ તે સંબંધનું સર્ટીફીકેટ જરૂરી છે. ઉક્ત લાયકાત માટે માઈનીંગ એન્જીનીયરની ડીગ્રી તેમજ અન્ડર ગ્રાઉન્ડ માઈનીંગની ટ્રેનીંગ લીધેલ હોવાનું પ્રમાણપત્ર જરૂરી છે અને રાજયમાં ઉકત નિયત કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવાર બહુ ઓછા હોવાથી જગ્યાઓ ભરાઈ નથી.

૫. નિગમે વર્ષ ૨૦૧૫માં ડેપ્યુટી જનરલ મેનેજર (માઈન્સ)ની ૪ જગ્યા માટે જાહેરાત આપી હતી અને જગ્યા ભરાઈ હોવાની માહિતી આપી હતી અને વધુમાં જણાવેલ કે અનુસૂચિત જાતિના ઉમેદવારથી ભરવાની થતી ઉક્ત જગ્યા માટે રાજ્યમાંથી નિયત કરેલ લાયકાતના ઉમેદવારો મળતા નથી અને રાજ્યના  કાયદા મુજબ અન્ય રાજ્યના ઉમેદવારોને અનુસૂચિત જાતિના ઉમેદવારો તરીકે ગણી શકાતા ન હોવાથી અનુસૂચિત જાતિના ઉમેદવારોથી ભરવાની થતી જગ્યાઓ ખાલી હોવાનું જણાવ્યું હતું.

૬. છેલ્લા ઘણાં સમયથી ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં સીનીયર મેનેજર (માઈન્સ)ની ખાલી રહેલ જગ્યા ભરવા સંબંધમાં સમિતિએ નિગમે કરેલ કામગીરીની વિગતો માંગતા, વિભાગના પ્રતિનિધિએ ઉક્ત જગ્યા સંબંધમાં જરૂરી લાયકાત ધરાવતાં ઉમેદવારો રાજ્યમાં મળતાં ન હોવાની અને બીજા રાજ્યનાં ઉમેદવારને ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિના ઉમેદવાર તરીકે ગણાતા ન હોવાના કારણે આ જગ્યાઓ ભરાયેલ ન હોવાનું જણાવ્યું હતું. સમિતિએ ઉક્ત જગ્યાઓ અનુસુચિત જાતિના ઉમેદવારથી ભરવા માટે નક્કી કરેલ લાયકાતમાં જરૂરી છૂટછાટ મુકીને પણ ભરવા માંગો છો કે કેમ? તેવો પ્રશ્ન કરતાં વિભાગના પ્રતિનિધિઓએ સમિતિને જણાવેલ કે, ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં બે-ચાર પ્રકારની જગ્યાઓ માટેની લાયકાત કાયદાથી નિર્ધારિત થયેલ છે. જેથી કાયદામાં નિર્ધારિત કરેલ ડીગ્રીમાં તેઓ ઈચ્છે તો પણ છૂટછાટ આપી શકશે નહી, પરંતુ બાકીની કેડરમાં કોઈ બાંધછોડ થઈ શકતી હોઈ તો તે માટે તેઓ વિચારશે તેમ જણાવ્યું હતું. સમિતિએ ગુજરાતની અંદર ક્યાંય પણ અન્ડર ગ્રાઉન્ડ

માઈનીંગ નથી તેમજ તેને સલંગ્ન જરૂરી તાલીમ માટે પણ રાજ્યમાં સુવિધા નથી તેથી આ જગ્યાઓ અનુસૂચિત જાતિના ઉમેદવારથી ભરાતી ન હોવાનું અનુભવ્યું હતું અને આ જગ્યાઓ ભરવા માટે અંડર ગ્રાઉન્ડ માઈન્સ માટેનું જે સર્ટીફીકેટ માંગવામાં આવે છે તેમાંથી મુક્તિ આપવામાં આવે અને તે સંબંધમાં ભરતી નિયમોમાં જરૂરી ફેરફાર કરવા માટે સમિતિ ભલામણ કરે છે.

૭. ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં ખાલી રહેલ જગ્યાઓના સંબંધમાં સમિતિએ વિભાગે ક્યારે અને શાં પ્રયત્નો કર્યા તેની માહિતી માંગતા વિભાગનાં પ્રતિનિધિએ જણાવ્યું હતું, ગુજરાત ખનીજ વિકાસ નિગમ લીમીટેડમાં ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧માં અનુક્રમે ૮૧ ને ૧૧૯ એમ કુલ ૨૦૦ જગ્યાઓ ભરવા સંબંધમાં જાહેરાત આપવામાં આવી હતી અને ગુજરાત જાહેર સેવા આયોગે ૧૫૪ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરેલ હતી અને તે પૈકીનાં ૧૦૮ ઉમેદવારો ફરજ પર હાજર થયા હોવાની માહિતિ સમિતિને આપી હતી.

૮. સમિતિએ ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો મળતાં નથી તો વિભાગ દ્વારા આ બાબતે કરવામાં આવેલ પ્રયત્નોની માહિતી માંગતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, રાજયમાં પાલનપુર અને ભુજ એમ બે સ્થળોએ આ પ્રકારના અભ્યાસક્રમો માટેની એન્જિનીયરિંગ કોલેજો આવેલી છે અને આ કોલેજોમાં અનુક્રમે ૫૨ અને ૮૪ સીટો છે. ગુજરાત ખનીજ વિકાસ નિગમ રાજ્યમાંથી પ્રતિભાશાળી ઉમેદવારોને શોધીને તેઓને ખાણકામ સંબંધમાં જરુરી અભ્યાસ કરાવતી (ડીગ્રી આપતી) સંસ્થાઓમાં નિગમના ખર્ચે ભણવા માટે મોકલતાં હોવાનું જણાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતુ કે, હાલમાં ગુજરાત ખનીજ વિકાસ નિગમમાં ઘણાં ટોચના ગુજરાતી અધિકારીઓ છે કે જેઓના ઉપર જણાવ્યા મુજબના ઉચ્ચ અભ્યાસનો ખર્ચ નિગમે ભોગવ્યો છે.

૯. સમિતિએ વિભાગને ગુજરાત ખનીજ વિકાસ નિગમના તમામ સંવર્ગમાં ખાલી રહેલી જગ્યાઓ સત્વરે ભરાય તે માટે તાત્કાલિક જરુરી કાર્યવાહી કરવા અને તે સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ સમિતિને કરવા માટે ભલામણ કરે છે.

૧૦. ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિકારીઓએ તેમજ ગુજરાત ખનીજ વિકાસ નિગમના પ્રતિનિધિઓએ સમિતિની રૂબરૂ તપાસ દમિયાન સમિતિ સમક્ષ સમયસર ઉપસ્થિત રહીને માહિતી પૂરી પાડવા તેમજ સમિતિને આપેલ સહકાર બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૧૧. વિભાગની તપાસ દરમ્યાન સમિતિને કામકાજમાં મદદરુપ થવા બદલ ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

ઈશ્વરભાઈ પરમાર
પ્રમુખ
અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

ગાંધીનગર
તા.૧૨-૧૨-૨૦૨૩

સમિતિની ભલામણો

| અ.નં. | ફકરા ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૬ | સમિતિએ ગુજરાતની અંદર ક્યાંય પણ અન્ડર ગ્રાઉન્ડ માઈનીંગ નથી તેમજ તેને સલંગ્ન જરૂરી તાલીમ માટે પણ રાજ્યમાં સુવિધા નથી તેથી આ જગ્યાઓ અનુસૂચિત જાતિના ઉમેદવારથી ભરાતી ન હોવાનું અનુભવ્યું હતું અને આ જગ્યાઓ ભરવા માટે અંડર ગ્રાઉન્ડ માઈન્સ માટેનું જે સર્ટીફીકેટ માંગવામાં આવે છે તેમાંથી મુક્તિ આપવામાં આવે અને તે સંબંધમાં ભરતી નિયમોમાં જરૂરી ફેરફાર કરવા માટે સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૧૦ | સમિતિએ વિભાગને ગુજરાત ખનીજ વિકાસ નિગમના તમામ સંવર્ગમાં ખાલી રહેલી જગ્યાઓ સત્વરે ભરાય તે માટે તાત્કાલિક જરુરી કાર્યવાહી કરવા અને તે સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ સમિતિને કરવા માટે ભલામણ કરે છે. |